-૨૫૦-૦૩-૨૦૧૭

# ગુજરાત યુનિવર્સિટી

ક્રમાંક: પરીક્ષા/ઓબ્ઝર્વર/ ૧૯૩૦૫ /૨૦૧૭

**ટોચ અગ્રિમતા / ખાસ જરૂરી**

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૦૩-૦૩-૨૦૧૭

પ્રતિ,
ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્થાનિક કોલેજોના આચાર્યશ્રીઓ.

**વિષય : ગુજરાત યુનિવર્સિટી દ્વારા એપ્રિલ/મે-૨૦૧૭માં લેવાનાર પરીક્ષાઓમાં ઓબ્ઝર્વરશ્રી અંગેની કામગીરી કરવા માહિતી મોકલી આપવા અંગે...**

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સિટી દ્વારા એપ્રિલ/મે-૨૦૧૭માં લેવાનાર જુદી-જુદી વિદ્યાશાખાની પરીક્ષાઓમાં બહારગામ તેમજ સ્થાનિક પરીક્ષા કેન્દ્રો ઉપર ઓબ્ઝર્વરશ્રી તરીકેની કામગીરી બજાવવા માટે આપની કોલેજમાં અધ્યાપ  તરીકેની ફરજ બજાવતા હોય તેવા અધ્યાપકનાં બે નામ, સરનામાં અને મોબોઈલ નંબર વગેરે વિગતો સામેલ નમૂના મુજબનાં પત્રકમાં મોકલી આપવા વિનંતી છે. આપના દ્વારા મોકલવામાં આવેલ અધ્યાપકોને યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ કામગીરી જે તે સમયે સંપૂર્ણપણે બજાવવાની રહેશે આ અંગેની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

ઉપરોક્ત વિગત આ સાથે સામેલ પત્રક (અ)માં ભરી યુનિવર્સિટી કાર્યાલયને તા. ૨૦/૦૩/૨૦૧૭ સુધીમાં પરીક્ષા નિયામકશ્રીને આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે મળે તેમ વ્યવસ્થા કરવા વિનંતી છે. જે અધ્યાપકનું નામ યુનિવર્સિટીમાં કૉલેજ દ્વારા ઓબ્ઝર્વર તરીકે મુકવામાં આવેલ હોય તે જ અધ્યાપકે તે તબક્કાની પરીક્ષા દરમિયાન કુલ : ૦૭(સાત) દિવસ ફરજ બજાવવાની રહેશે. ઓબ્ઝર્વર તરીકેની કામગીરી માટે સ્થળ અને સમયની જાણ તમામ અધ્યાપકશ્રીઓને SMSથી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. આ અંગેની જાણ અધ્યાપકશ્રીએ કૉલેજના આચાર્યશ્રીને કરવાની રહેશે. આ અંગે અધ્યાપકશ્રીને સમયસર પરીક્ષાની કામગીરી અંગે મોકલવાની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

**પરીક્ષા ચાર તબક્કામાં ચાલવાની હોવાથી દરેક તબક્કા વાઈઝ અધ્યાપકોનાં નામ મોકલી આપવા.**

વધુમાં જણાવવાનું કે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીનો તા. ૧-૩-૨૦૦૮ના પત્ર ક્રમાંક:કવટ-૧(૧)યુનિ.-૨૦૦૮/૨૦૩૭-૩૮ અને યુનિવર્સિટીના તા. ૧૭/૧/૨૦૦૩ના પત્રાંક : પરીક્ષા-૩૨૯૧૩-૨૦૦૩ તરફ ધ્યાન દોરી જણાવવાનું કે (જનરલ નિયમ : ૪માં દર્શાવ્યા મુજબ) યુનિવર્સિટીએ સોંપેલ પરીક્ષા અંગેની તમામ કામગીરી ફરજીયાત કરવાની છે. સમય મર્યાદામાં પૂરતાં નામ મોકલી આભારી કરશો.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ,**

**પરીક્ષા નિયામક**

## પત્રક (અ)

**કોલેજનું નામ :** ____________________________________________

આચાર્યશ્રીનું નામ :______________________________ મોબાઈલ નં. :______________

## **પ્રથમ તબક્કો**

| **અનુ.** | **અધ્યાપ શ્રીનું પુરૂં નામ તથા હોદ્દો** | **ઘરનું પૂરેપૂરું સરનામું** | **ફોન/મોબાઈલ નંબર (ઘર - કોલેજ)** | **અધ્યાપકની સહી** |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |

## બીજો તબક્કો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |

## ત્રીજો તબક્કો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |

## ચોથો તબક્કો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |

**આચાર્યશ્રીની સહી અને સિક્કો**